# કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આ.કૃ.યુ., દેવાતજ દ્વારા સજીવ ખેતી અંતર્ગત ખેડૂત શિબિર યોજાઇ

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, દેવાતજ દ્વારા એસ્ટાબ્લીશમેન્ટ ઓફ મોડેલ ઓર્ગેનીક ફાર્મ કમ ટ્રેનીંગ સેન્ટર અંતર્ગત ખેડૂત સમૂદાયમાં સજીવ ખેતી વિષે યોગ્ય માર્ગદર્શન મળી રહે તેમજ તેઓ સજીવ ખેતી અપનાવી પર્યાવરણને સુરક્ષીત રાખવામાં યોગદાન આપે તે આશયથી આણંદ જીલ્લાનાં ખંભાત તાલુકાનાં કલમસર ગામ ખાતે તા. ૨૯/૧/૧૯ ને મંગળવારનાં રોજ **ખેડૂત** શિબિર**નું** આયોજન કરવામાં આવેલ, જેમાં ૩૫૦ જેટલા પ્રગતિશિલ ખેડૂતભાઇઓ અને બહેનો ઉપસ્થિત રહ્યા હતા. શિબિરના અધ્યક્ષ પદે ડો. કે.બી.કથીરીયા, સંશોધન નિયામક અને અનુસ્નાતક વિધ્યાશાખાધ્યક્ષશ્રી, આકૃયુ, આણંદ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત અતિથી વિશેષ ડો. કે.પી. પટેલ, આચાર્યશ્રી, બં.અ.કૃષિ મહાવિધાલય, આકૃયુ, આણંદ અને ડો. સી.એન.પટેલ, આણંદ જીલ્લા ખેતીવાડી અધીકારીશ્રીએ હાજરી આપી હતી તેમજ આમંત્રિત મહેમાનો શ્રી પી.બી. પરમાર, નાયબ ખેતી નિયામકશ્રી, આણંદ તેમજ ડો. પી.એમ. પટેલ, સહ સંશોધન વૈજ્ઞાનિક (એગ્રોનોમી) બી.એ.સી.એ., આકૃયુ, આણંદ તથા કલમસર ગામનાં સરપંચ શ્રીમતિ સુમીત્રાબેન, ડેપ્યુટી સરપંચ શ્રીમતિ જયાબેન સીંધા, કેળવણી મંડળના પ્રમુખશ્રી જીલુભાઇ સીંધા, કેળવણી મંડળનાં મંત્રીશ્રી કેશરીસિંહ સિંધા, દુધ મંડળીનાં ચેરમેનશ્રી દિલિપભાઇ સિંધા, હાજર રહ્યા હતા. આ ઉપરાંત પ્રગતિશીલ ખેડૂત તરીકે ઝારોલા ગામના શ્રી જયેશભાઇ પટેલ તથા કલમસર ગામના શ્રી બહાદુરસિંહ સિંધા ઉપસ્થિત રહ્યા હતા. ઉદઘાટન કાર્યક્રમની શરૂઆતમાં કલમસર ગામની પ્રાથમિક શાળાની વિધ્યાર્થીનીઓએ પ્રાર્થના અને સ્વાગત ગીત રજુ કર્યુ. **કૃષિ વિજ્ઞાન કેન્દ્ર**ના વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડાશ્રી ડો. જી. જી. પટેલ દ્વારા સર્વેનું સ્વાગત કર્યા બાદ સજીવ ખેતી પરત્વે લોકજાગૃતિ આવે તે હેતુની ખેડૂત શિબિરનો ઉદ્દેશ સમજાવી સજીવ ખેતીની અગત્યતા વિષે જરૂરી છણાવટ કરી હતી.

ડો. કે.પી. પટેલ, આચાર્યશ્રી, બં.અ.કૃષિ મહાવિધાલય, આકૃયુ, આણંદ દ્વારા ખેડૂતોને સજીવ ખેતીનાં મહત્વ વિષે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી. ડો. સી.એન.પટેલ, જીલ્લા ખેતીવાડી અધીકારી,આણંદ દ્વારા સજીવ ખેતી તેમજ તેને લગતી યોજનાકીય માહિતી વિષે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી.

શિબિરના અધ્યક્ષશ્રી, ડો. કે.બી.કથીરીયા, સંશોધન નિયામક અને અનુસ્નાતક વિધ્યાશાખાધ્યક્ષશ્રી, આકૃયુ, આણંદ દ્વારા ખેડૂતોને સજીવ ખેતી અપનાવી વધુ આવક મેળવવા પ્રોત્સાહિત કરવામાં આવ્યા. તેઓએ સજીવ ખેતીનાં ઉજ્જવળ ભવિષ્ય વિષે વિસ્તૃત ચર્ચા કરી સજીવ ખેતી અપનાવવાથી પર્યાવરણ સુરક્ષા અને સ્વાસ્થ્ય જાળવણીમાં તેનું મહત્વ સમજાવ્યુ

અને અધ્યક્ષ પદેથી સર્વે અધિકારીઓની ઉપસ્થિતીમાં કેવિકે દેવાતજ દ્વારા બનાવેલ ખેડૂત ઉપયોગી વિવિધ વિષયોને લગતા પાંચ ખેડૂત ઉપયોગી ફોલ્ડર્સનું વિમોચન કરવામાં આવ્યુ.

તાંત્રીક સેશનમાં ડો. પી.એમ. પટેલ, સહ સંશોધન વૈજ્ઞાનિક (એગ્રોનોમી) દ્વારા સજીવ ખેતી પધ્ધતિ હેઠળ મુલ્યવૃધ્ધિ દ્વારા છાણીયુ ખાતર બનાવવાની છણાવટ વિષે વિસ્તૃત માહિતી આપવામાં આવી. ડો. વાય સી. લકુમ, વૈજ્ઞાનિક (એગ્રોનોમી) દ્વારા સજીવ ખેતીનું મહત્વ અને રજીસ્ટ્રેશનની પ્રક્રિયા વિષે માહિતી આપવામા આવી. ડો. એસ. બી. કાટોલે, વૈજ્ઞાનિક (પશુ પાલન) દ્વારા દુધ ઉત્પાદન વધારવા માટેના પશુ આહારને લગતા અગત્યના મુદ્દાઓ વિષે વિસ્તૃત જાણકારી આપવામાં આવી.

ખેડૂત દિનમાં હાજર રહેલ ખેડૂતોને કંપોસ્ટ તૈયાર કરવા માટેનું મેથડ ડેમોસ્ટ્રેશન નિદર્શિત કરવામાં આવ્યુ તેમજ વૈજ્ઞાનિકશ્રીઓ અને ખેડૂતો વચ્ચે ઉંડાણપુર્વક દ્વિપક્ષીય ચર્ચાઓ થઇ તેમજ મુંજવતા પ્રશ્નોના યોગ્ય પ્રત્યુતર આપવામાં આવ્યા. ખેડૂત શિબિરમાં ભાગ લેનાર લાભાર્થીઓને અનુભવ બાયો એનપી જૈવિક ખાતરનું વિના મૂલ્યે વિતરણ કરવામાં આવ્યુ. શિબિરમાં હાજર રહેલ ઝારોલા ગામના પ્રગતિશીલ પશુપાલક શ્રી જયેશભાઇ પટેલે સજીવ ખેતી અપનાવા માટે ખેડૂતોને પ્રોત્સાહિત કર્યા તેમજ પશુપાલનમાં મૂલ્ય વૃધ્ધિ દ્વારા આવક વધારવા અંગેના તેમના અનુભવો તેમજ પશુઓના બાયોવેસ્ટના ઉપયોગ દ્વારા વિવિધ બાયો પ્રોડક્ટસનું ઉત્પાદન કરી વધુ આર્થિક નફો મેળવવા ખેડૂતોને પ્રોત્સાહિત કર્યા.

ખેડૂત શિબિરને સફળ બનાવવા માટે કેવિકે ની ટીમના વિવિધ કમીટીનાં સભ્યોએ પ્રસંશનીય કામગીરી બજાવી હતી. શિબિર અંતે સાદગીબેન (ક્રીયા ફાઉન્ડેશન) દ્વારા ખેડૂત શિબિરને સફળ બનાવવા માટે સૌનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડો. આર. એમ. પટેલ, વૈજ્ઞાનિક (પાક સંરક્ષણ) દ્વારા કરવામાં આવેલ.

# કાર્યક્રમની ઝાંખીઓ













